— [illegible] ધોરણ માટે — 27-5

1922

મુખગણિત શિક્ષક ભા. ૫.



કિંમત ૦-૪-૦

પોસ્ટેજ જુદું.

માર્ચ.

છગનલાલ મોતીરામ શાહ.
"મુખગણિત શિક્ષક" વગેરેના કર્તા. શાહપોર-સુરત.

મુદ્રક:—[illegible]ભાઈ નાગરદાસ [illegible]-સુરત.

૧૨ના ગુણોત્તરની સંપૂર્ણ નોંધ સાથે તમામ ગુણોત્તરનાં
લેખે ફક્ત ત્રણજ રીતથી ગણી શકાય
એવી નવીન સરળ યુક્તિવાળો.

—: ચોથા ધોરણનો :—

મુખગણિત શિક્ષક ભાગ ૫.

રચનાર:—છગનલાલ મોતીરામ શાહ.

પ્રસિદ્ધ કર્તા—છગનલાલ મોતીરામ શાહ.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર—સુરત.

સુધારેલી આવૃત્તિ ૬ઠ્ઠી. પ્રત ૨૧૦૦.

સુરત—ચઉટાના પુલપર પાણીની ટાંકી પાસે આવેલા 'શંકર' પ્રિન્ટીંગ પ્રેસમાં નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમે છાપ્યો.

માર્ચ] કિંમત ચાર આના. [સને ૧૯૨૨

છઠ્ઠી આવૃત્તિની પ્રસ્તાવના.

ટુંક મુદતમાં પાંચમી આવૃત્તિ ખપી જવાથી એ કૃતિ પ્રિય થઇ છે એમ જણાતા સુધારા વધારા સાથે આ છઠ્ઠી આવૃત્તિ બહાર પાડી છે. આશા છે કે વધારે ફળપ્રદ થઇ પડશે.

પહેલી આવૃત્તિને માટે કેળવણીખાતાના અને અન્ય અધિકારી સાહેબોએ તેમજ આ વિષયમાં રસ લેનારા વિદ્વાન સદ્‌ગૃહસ્થોએ પોતાના અભિપ્રાયો અને સૂચના મોકલેલાં (જે મેં છુટા પત્રોમાં પ્રસિદ્ધ પણ કરેલાં હતાં.) તેઓનો આમાં સાભાર સ્વીકાર કીધો છે.

વાડપોર–સુરત. }
તા. ૨૬–૨–૨૨. }

લિ. સેવક,
છગનલાલ મોતીરામ શાહ.
"ડિકટેશન પુસ્તક" વગેરેના કર્તા.

પ્રસ્તાવના.

ગુજરાતી પ્રાથમિક શાળાના નવાં ચોથા અને પાંચમા ધોરણમાં સરકારી કેળવણી ખાતાએ લેખાંને બદલે "મુખગણિત" નો વિષય દાખલ કર્યો છે, ચોથા ધોરણમાં એ વિષયની હદ આ પ્રમાણે ઠરાવી છે. "નીચેના ગુણોત્તરોનો ઉપયોગ થાય એવા પ્રશ્નો. ૧૨, ૨૦, ૨૪, ૩૦, ૪૦, ૪૮, ૫૬, ૧૦૦, ૧૨૦, અને ૩૬૦.,,

આ ઉપરથી જણાશે કે લેખાંમાં ચોકસ હદ હતી તેમ મુખગણિતમાં નથી તે આવકારદાયક છે; કારણ ઉઘાડું છે. દાખલા તરીકે બાળકો ખાંડીનાં લેખાં શીખીને ઝપાટાબંધ તેના કઠિન મનોયત્ન છોડવી શકે, પણ હિસાબના રૂપમાં સહેજ ફેર કરીને તેજ રીતે થતો કોઇ હિસાબ પૂછવામાં આવે; તો જુના ધોરણના લેખાંના શિક્ષણની સંકુચિત પદ્ધતિને લીધે તેમની વિશાળ દૃષ્ટિ થઇ શકતી ન હતી, જેમકે ૭ રૂપીએ

ખાંડી તો ૩ મણનું શું ? આવો હિસાબ બાળકો ઝટ છોડવી શકે, પરંતુ ૭ રૂપીઆની ૨૦ અગર કુંડી ટોપી મળે તો ૩ ટોપીનું શું બેસે ! આમ પૂછવાથી ખાંડીના હિસાબ શીખ્યા છતાં સામાન્ય બાળકો સ્તબ્ધ બની જતા. આવી ખામી કેળવણીખાતાના સર્વે નાના મોટા અધિકારીઓને સમજાઇ, તેનેજ પરિણામે નવાં ધોરણમાં આ વિષયમાં વિશાળ શિક્ષણ પદ્ધતિ યોજી છે. હવે ૧૨ ના ગુણોત્તરમાં પ્રથમ જેમ માણીનાજ હિસાબો શીખવવાની હદ બાંધી હતી. તેવું સંકુચિતપણું રહ્યું નથી. પણ માણી ઉપરાંત એજ ગુણોત્તરવાળાં ગ્રોસ ને ડઝન, ડઝન ને નંગ, વર્ષ ને મહીનો, વેંત ને આંગળ, ફૂટ ને ઇંચ, તોલો ને માસો, પૌંડ ને ઔંસ, (ટ્રાય) વગેરે તમામ હિસાબો શીખવી શકાશે. એજ પ્રમાણે બીજાં ગુણોત્તરો વિષે સમજવું. અલબત શિક્ષણ જ્યારે આમ વિશાળ પદ્ધતિવાળું થયું અથવા તો શિક્ષણની ગાડીની ધરડ બદલાઇ ત્યારે એ ગાડી હાંકનાર શિક્ષકોએ આ નવીન ધરડની માહીતી મેળવવી જોઇએ; મારી આ પોથી એ નવી ધરડના ભોમીઆ રૂપ છે.

આ ચોપડીમાં ગુણોત્તર એટલે શું ? બે પરિમાણો વચ્ચે ગુણોત્તર કેવી રીતે કાઢવું, જુદાં જુદાં ગુણોત્તરોને લગતાં તમામ જાતનાં લેખાં, કુંચીઓ શી રીતે કઢાવવી તે, તેમજ દરેક રીતનાં પુષ્કળ મનોયત્નો આપવામાં આવ્યાં છે; એટલુંજ નહિ પણ જુદી જુદી કુંચીઓ કઢાવવાની રીત ૧૨ના ગુણોત્તરમાં સવિસ્તર સંપૂર્ણ નોંધ સાથે બતાવી છે, તે મુજબ બીજાં ગુણોત્તરની કઢાવવી. વળી પહેલા ગુણોત્તરમાં ઉદાહરણો છોડી બતાવ્યાં છે તે મુજબ બીજાં ગુણોત્તરમાંનાં મનોયત્નો છોડવી શકાસે. એક ઉદાહરણ

જુદી જુદી બે, ત્રણ, ચાર કે તેથી વધારે રીતે છોડવી બતાવ્યું છે. તે મુજબ છોડાવવાનો પાકો મહાવરો કરાવવાથી કઇ સહેલી રીતથી ઉદાહરણ છુટશે તે તેના સ્વરૂપ ઉપરથી બાળકો તરત સમજી શકશે અને તેથી તેમની બુદ્ધિ ખીલશે.

આ પુસ્તકમાં તમામ ગુણોત્તરનાં લેખાં ફક્ત ત્રણજ રીતથી ગણી શકાય એવી નવીન સરળ યુક્તિ આપી છે, તેનો પાકો મહાવરો કરાવવાથી દરેક ગુણોત્તરની કુંચીઓ યાદ રાખવાની બાકી જરૂર રહેશે નાહ.

ચોથા ધોરણમાં શીખવવાના દસ ગુણોત્તારો કયે ક્રમે શીખવવાથી કુંચીઓ ઉપજાવવામાં અને સ્મરણ રાખવામાં બાળકોને લાભકારી થઇ પડે તેનો પુરતો વિચાર કરી ગુણોત્તરોનો ક્રમ નીચે પ્રમાણે રાખી તેના ત્રણ જથા પાડયા છે;—૧૨, ૨૪, ૪૮, ને ૯૬, ૨૦, ૪૦, ને ૧૦૦; ૩૦, ૧૨૦, અને ૩૬૦. આવા ક્રમ પ્રમાણે શીખવવાથી દરેક જથાનું પહેલું ગુણોતર શીખ્યા પછી બાકીના ગુણોતરો તેની અમુક પૂર્ણ ગણાઇ હોવાથી તેમની કુંચીઓ ઉપજાવવામાં તેમજ શીખ્યા પછી પરસ્પર સંબંધ જણાયાથી ધારણ કરેલા સંસ્કારોનો તાત્કાલિક ઉદ્‌બોધ થવામાં સરળતા થઇ શકશે.

ગણિતમાં જેમ પાશ્ચાત્ય દેશોમાં એકમ પદ્ધતિનો ઉપયોગ સામાન્ય થઇ ગયો છે, તેમ હવે આપણી શાળાઓમાં મુખગણિતમા એ પદ્ધતિ વધારે વપરાશમાં આવી શકશે. કારણ કે ભારેના એકમ ઉપરથી હલકાના એકમની કુંચી કઢાવવીને પછીજ હલકા એકમની હરકોઇ ગણાઇની કિંમત માગી હોય તેની કાઢવી ઠીક થઇ પડે છે, માટે એ પદ્ધતિનોજ આ બુકમાં ઉપયોગ કીધો છે. એટલુંજ નહિ પણ પંતીનો પણ ઉપયોગ કીધો છે.

અમુક ગુણોત્તરમાં અમુક જાતનાંજ લેખાંની હદ બાંધી દેવી, એ પણ એક સંકુચિતપણું છે. દાખલા તરીકે ૧૨ નું ગુણોત્તર લઇએ તો જે ભારે અને હલકા એકમો વચ્ચે એ ગુણોત્તર હોય તેનાજ હિસાબો શીખવવા એટલુંજ બસ નથી, પણ શેર, મણ, કળશી, ખાંડી, ગાલ્લી, બેડીંઙ, ભાર વગેરે દરેક જાતનાં લેખાં આવી શકે; અલબત તેમાં ગુણોત્તર તો ૧૨ નુંજ હોવું જોઇએ. જેમકે ૬ રૂપીએ ગાલ્લી તો ૨॥ મણનું શું? આમાં ગાલ્લી અને ૨॥ મણ વચ્ચે ૧૨નું ગુણોત્તર છે. માટે ૧૨ ના ગુણોત્તરમાં આવા હિસાબોનો સમાસ પણ થઇ શકે. જો કે ૩૦ નું ગુણોત્તર શીખવાથી પણ આવો હિસાબ થઇ શકે છતાં એક ગુણોત્તરનો જેમ બને તેમ વિશાળ ઉપયોગ કીધો હોય તો ઘણે પ્રસંગે વધારે સરળતા થાય છે, એટલુંજ નહિ પરંતુ સંકુચિત દૃષ્ટિનો સર્વથા ત્યાગ થાય છે; એવું સમજીને અમે ૧૨ના ગુણોત્તરમાં એવી જાતનાં ઘણાં ઉદાહરણો આપ્યાં છે. તેજ મુજબ બીજા ગુણોત્તરો માટે પણ સમજવું.

અમુક બે ગુણુત્તરો શીખ્યા બાદ તેને જોડી દેવાથી નીપજતા ગુણોત્તરથી થતા હિસાબો પણ શીખવા.

કુંચીઓ સૂચક પદ્ધતિએ કઢાવ્યા ઉપરાંત ભારે ઉપરથી હલકા એકમની કિંમત આંકની મદદથી કાઢવાની સહેલી રીતો, જેટલા રૂપીઆ અથવા આનામાં ભારે એકમની કિંમત આપી હોય તેટલાજ આના કે ઉપઆનામાં કેટલું આવે તેની કુંચીઓ, વળી એથી ઉલટી કુંચીઓ, તેમજ રૂપીઆના ભાવ પરથી ભારે તથા હલકા પરિમાણની કિંમત કાઢવાની કુંચીઓ પણ આપી છે. એટલુંજ નહિ પણ જેમ બને તેમ એ વિષયના શિક્ષણમાં સરળતા લાવવાને

ખાતર સૌથી અગત્યની વાત એ છે કે પૂર્ણાંક તથા દેશી અપૂર્ણાંકના વર્ગના દાખલા સરળ રીતે ગુણવાની યુક્ત જાણ્યાથી મહેનત અને વખતનો બચાવ થાય છે,.માટે તેવી રીતો તથા કોષ્ટકો પણ આપ્યાં છે. ત્યાર પછી અર્થદર્શક હલકા પરિમાણનું ભારે પરિમાણ અથવા જેને નાણું કરવું કહેવામાં આવે છે, જેમાં બાળકો વારંવાર ભૂલ કરે છે; માટે નાણું કરવાની સરળ રીતો પણ આપી છે. વળી ચારે જાતનાં પરિમાણોના ગુણોત્તરો યાને ભાગો બાળકોના લક્ષમાં હિસાબ પૂછતાંની સાથેજ રમી રહે, એવો મહાવરો થવાને માટે ગુણોત્તરોનાં પુષ્કળ મનોયત્ન આપ્યાં છે.

મનોયત્નોના પુષ્કળ હિસાબ આપવામાં આવ્યા છે, પરંતુ એ એ હિસાબો વ્યહવારમાં લાગુ પાડી શીખવવા ખાસ ભલામણ કરવામાં આવે છે,

છેવટ જણાવવાની રજા લઉં છું કે મુખગણિતનો વિષય જેમ સહેલો થાય, તેમ કરવાનો પ્રયત્ન કીધો છે; જેથી મને સંપૂર્ણ આશા છે કે શિક્ષકો અને વિધાર્થીઓને આ પુસ્તક ખાસ ઉપયોગી થઈ પડશે.

મારા જે જે સુજ્ઞ મિત્રો તરફથી કીંમતી સૂચનાઓ મળી છે તેમનો ખરા અંતઃકરણ પૂર્વક આભાર માનવાની રજા લઉં છું.

શિક્ષકો પોતાના અનુભવવાળી સૂચના લખી મોકલી આભારી કરશે, એવી આશા રાખું છું.

સુરત
શાહપોર.
તા. ૨૯-૩-૧૪.

લિ૦ સેવક.

છગનલાલ મોતીરામ શાહ.

પ્રકરણ ૧.

કોષ્ટકો.

અર્થદર્શક પરિમાણો

૧. દેશી નાણાનું

૧૨ પાઇ=૧ આનો.
૧૬ ઉપઆના=૧ આનો.
૪ પૈસા=૧ આનો,
૫ સુરતી પૈસા=૧ આનો.
૬। દોકડા=૧ આનો.
૧૦૦ બદામ=૧ આનો.

---

૧૬ આના=૧ રૂપીઓ.
૧૦૦ દોકડા=૧ રૂપીઓ.
૮૦ સુરતી પૈસા=૧ રૂપીઓ.

---

૨. અંગ્રેજી નાણાનું.

૪ ફાધિંગ=૧ પેની.
૧૨ પેન્સ=૧ શિલિંગ
૨ શિલિંગ=૧ ફ્લોરિન
૨॥ શિલિંગ=૧ અડધો ક્રાઉન.
૫ શિલિંગ=૧ ક્રાઉન.
૨૦ શિલિંગ=૧ પૌંડ.
૪ ક્રાઉન=૧ પૌંડ.

ભારદર્શક પરિમાણો

૩. અંગ્રેજી સાધારણ તોલનું.

૧૬ ડ્રામ=૧ ઔંસ.
૧૬ ઔંસ=૧ પૌંડ.
૨૮ પૌંડ=૧ ક્વાર્ટર.
૪ ક્વાર્ટર=૧ હંડ્રવેટ.
૨૦ હંડ્રવેટ=૧ ટન.
આ તોલને એવાર્ડુપોઇસ વજન કહે છે.

૪. દવા તોળવાનું (અંગ્રેજી)

૨૦ ગ્રેન=૧ સ્ક્રૂપલ.
૩ સ્ક્રૂપલ=૧ ડ્રામ.
૮ ડ્રામ=૧ ઔંસ.
૧૨ ઔંસ=૧ પૌંડ.
આ તોલને એપોથીકરી વજન કહે છે.

૫. સોનું, રૂપું, જવાહીર તોળવાનું (અંગ્રેજી)

૨૪ ગ્રેન=૧ પેનીવેટ.
૨૦ પેનીવેટ=ઔંસ.
૧૨ ઔંસ=પૌંડ.
આ તોલને ટ્રાય વજન કહે છે,

૬. મોતી તોળવાનું (દેશી)

૧૬ આના=૧ રતી.
૨૪ રતી=૧ ટાંક.

મહત્વદર્શક પરિમાણો.

૭. અંતર માપવાનું (અંગ્રેજી)

૧૨ ઇંચ=૧ ફુટ.
૩ ફુટ=૧ વાર્ડ.
૫॥ યાર્ડ=૧ પોલ
૪૦ પોલ=૧ ફર્લાંગ

૮ ફર્લાંગ=૧ માઇલ.
૩ માઇલ=૧ લીગ.

૮. અંગ્રેજી ચોરસ માપ.

૧૪૪ ચોરસ ઇંચ=૧ ચોરસ ફુટ.
૯ ચો. ફુટ=૧ ચોરસ યાર્ડ.
૩૦। ચોરસ યાર્ડ=૧ ચોરસ પોલ (પર્ચ)
૪૦ પોલ=૧ રૂડ.
૪ રૂડ=૧ એકર.
૬૪૦ એકર=૧ ચોરસ માઇલ.

૯. જમીનની લંબાઇ માપવાનું (અંગ્રેજી)

૧૬ આના=૩૩ ફુટ=૧ ગુંઠો.
૪૦ ગુંઠા=૧ એકર.

---

૧. બદામની ધાત

૫ બદામ=૦। સુરતી પૈસો.
૧૦ બદામ=૦॥ સુ૦ પૈ૦
૧૫ ,, =૦॥। ,,
૨૦ ,, =૧ ,,
૨૫ ,, =૧। ,,

૬। બદામ=૦॥। પાઇ=૧ ઉપઆનો.
૧૨॥,=૧॥,=૨ ,,
૧૮॥।,,=૨।,,=૩ ,,
૨૫,,=૩=૪ ,,

---

૧૬ બદામ=૧ દોકડો.
૨૦ બદામ=૧ સુરતી પૈસો.
૨૫ બદામ=૧ સવાકો

---

૨. ઉપઆનાની ધાત.

૧ ઉપઆનાની=૦॥। પાઇ
૨ ,, =૧॥ પાઇ
૩ ,, =૨। પાઇ
૪ ,, =૩ પાઇ

૮ ઉ૦ આ૦=રૂ. ૦)૦।
૧૨ ,, =રૂ. ૦) ૦॥।
૧૬ ,, =રૂ. ૦) -

---

૩. દોકડાની ધાત.

૬। દોકડા રૂ. ૦)-
૧૨॥ ,, રૂ. ૦)=
૧૮॥। ,, રૂ. ૦)≡
૨૫ ,, રૂ. ૦।
૩૧। ,, રૂ. ૦।-
૩૭॥ ,, રૂ. ૦।=
૪૩॥। ,, રૂ. ૦।≡
૫૦ ,, રૂ. ૦॥
૫૬। ,, રૂ. ૦॥-
૬૨॥ ,, રૂ. ૦॥=
૬૮॥। ,, રૂ. ૦॥≡
૭૫ ,, રૂ. ૦॥।
૮૧। ,, રૂ. ૦॥।-
૮૭॥ ,, રૂ. ૦॥।=
૯૩॥। ,, રૂ. ૦॥।≡
૧૦૦ ,, રૂ. ૧)
૨૦૦ ,, રૂ. ૨)
૩૦૦ ,, રૂ. ૩)

૪૦૦ કો૦ રૂ. ૪)
૫૦૦ ,, રૂ. ૫)
૬૦૦ ,, રૂ. ૬)
૭૦૦ ,, રૂ. ૭)
૮૦૦ ,, રૂ. ૮)
૯૦૦ ,, રૂ. ૯)
૧૦૦૦ ,, રૂ. ૧૦)
આ મુજબે બદામની

સાડાસાતનો પા.

૭॥ નો ૦।
૧૫ નો ૦॥
૨૨॥ નો ૦॥।
૩૦ નો ૧
૩૭॥ નો ૧।
૪૫ નો ૧॥
૫૨॥ ના ૧॥।
૬૦ ના ૨
૬૭॥ ના ૨।
૭૫ ના ૨॥
૮૨॥ ના ૨॥।
૯૦ ના ૩
૯૭॥ ના ૩।
૧૦૫ ના ૩॥
૧૧૨॥ ના ૩॥।
૧૨૦ ના ૪
૧૨૭॥ ના ૪।
૧૩૫ ના ૪॥
૧૪૨॥ ના ૪॥।
૧૫૦ ના ૫

આ આંક ગાખવી, મહીના અને વ્યાજના હિસાબ કરવામાં ખાસ ઉપયોગી છે.

સુરતી પૈસાની ધાત

૧॥ સુ૦ પૈ૦ રૂ. ૦)૦।
૨॥ ,, રૂ. ૦)૦॥
૩॥। ,, રૂ. ૦)૦॥।
૫ ,, રૂ. ૦)-
૧૦ ,, રૂ. ૦)=
૧૫ ,, રૂ. ૦)≡
૨૦ ,, રૂ. ૦।
૨૫ ,, રૂ. ૦।-
૩૦ ,, રૂ. ૦।=
૩૫ ,, રૂ. ૦।≡
૪૦ સુ૦ પૈ૦ રૂ. ૦॥
૪૫ ,, રૂ. ૦॥-
૫૦ ,, રૂ. ૦॥=
૫૫ ,, રૂ. ૦॥≡
૬૦ ,, રૂ. ૦॥।
૬૫ ,, રૂ. ૦॥।-
૭૦ ,, રૂ. ૦॥।=
૭૫ ,, રૂ. ૦॥।≡
૮૦ ,, રૂ. ૧)
૮૫ ,, રૂ. ૧)-
૯૦ ,, રૂ. ૧)=
૯૫ ,, રૂ. ૧)≡
૧૦૦ ,, રૂ. ૧।
૨૦૦ ,, રૂ. ૨॥
૩૦૦ ,, રૂ. ૩॥।
૪૦૦ ,, રૂ. ૫
૫૦૦ ,, રૂ. ૬।
૬૦૦ ,, રૂ. ૭॥
૭૦૦ ,, રૂ. ૮॥।
૮૦૦ ,, રૂ. ૧૦)
૯૦૦ ,, રૂ. ૧૧
૧૦૦૦ ,, રૂ. ૧૨

સુરતી પૈસાનું નાણું કરવાની સહેલી રીત.

પૈસાનો જમણી તરફનો એટલે એકમનો અંક કાપી નાખવો બાકી રહેલા દશકને બેએ ગુણવાથી આના આવશે અને કાપેલા એકમ જેટલા સુરતી પૈસા. બેએ ગુણવાથી આના આવે તેનું કારણ એ છે કે દસ પૈસાના બે આના થાય, માટે દશક સુરતી પૈસાને બેએ ગુણવાથી આના આવે.

ઉદાહરણ—૧૪૫ સુરતી પૈસાનું નાણું શું ? ૧૪૫ માંથી પાંચડો કાપી નાખ્યો. બાકી ૧૪ દશક રહ્યા તેને બેએ ગુણવાથી ૨૮ આના, ને ૫ પૈસા જવાબ એટલે ૨૮ આના=રૂ. ૧॥।− જવાબ

૧૨ પાઈ=૧ આનો
૧૨ મણ=૧ માણી
૧૨ નંગ=૧ ડઝન
૧૨ ડઝન=૧ ગ્રોસ
૧૨ ઈંચ=૧ ફુટ
૧૨ મહીના૧ વરસ
૧૨ આંગળ=૧ વેંત
૧૨ માસા=૧ તોલો
૧૨ ઔંસ=૧ પૌંડ ટ્રાય

---

૧૨ મણ=૧ માણી
૯ મણ=૦॥। માણી
૬ મણ=૦॥ માણી
૩ મણ=૦। માણી
આ મુજબ ઉપરના કોષ્ટકની,

---

૨૦ નંગ=૧ કોડી
૨૦ મણ=૧ ખાંડી
૨૦ ઘડી=૧ બાર
૨૦ ઘા=૧ રીમ
૨૦ વીસવાસી=૧ વસો
૨૦ વસા=૧ વીંઘું
૨૦ હંડ્રવેટ=૧ ટન
૨૦ પેનીવેટ=૧ ઔંસ
૨૦ ગ્રેન=૧ રકુપલ

---

૨૦ મણ=૧ ખાંડી
૧૫ મણ=૦॥। ખાંડી
૧૦ મણ=૦॥ ખાંડી
૫ મણ=૦। ખાંડી
આ મુજબ ઉપરના કોષ્ટની.

---

૨૪ મણ=૧ બાર
૨૪ તસુ=૧ ગજ
૨૪ તાવ=૧ ઘા
૨૪ રતી=૧ ટાંક
૨૪ આંગળ=૧ હાથ
૨૪ ફર્લાંગ=૧ લીગ
૨૪ ગ્રેન=૧ પેનીવેટ

---

૨૪ મણ=૧ ભાર
૧૮ મણ=૦।।। ભાર
૧૨ મણ=૦।। ભાર
૬ મણ=૦। ભાર
આ મુજબ ઉપરના કોષ્ટકની.

---

૩૨ મણ=૧ બેડીઉં
૩૨ વાલ=૧ તોલો
૩૨ રૂ. ભાર=૧ પૌંડ (ટ્રોય)
૩૨ ક્વાર્ટ=૧ બુશલ
૩૨ પેંક=૧ ક્વાર્ટર

---

૩૨ મણ=૧ બેડીઉં
૨૪ મણ=૦।।। બેડીઉં
૧૬ મણ=૦।। બેડીઉં
૮ મણ=૦। બેડીઉં
આ મુજબ ઉપરના કોષ્ટકની.

૩ ફુટ=૧ વાર=યાર્ડ
૨। ફુટ=૦।।। વાર
૧।। ફુટ=૦।। વાર
૦।।। ફુટ=૦। વાર

૧૦૦૦નંગ=૧ હજાર.
૭૫૦નંગ=૦।।। હજાર.
૫૦૦નંગ=૦।। હજાર.
૨૫૦નંગ=૦। હજાર.

---

૧૦૦ બદામ=૧ આનો.
૧૦૦ દોકડા=૧ રૂપીઓ
૧૦૦ નંગ=૧ સેંકડો

---

૨૫ બદામ=રૂ. ૦)૦।
૫૦ „ રૂ. ૦)૦।।
૭૫ „ રૂ. ૦)૦।।।
૧૦૦ „ રૂ. ૦)-

૬। બદામ=૧ઊપઆનો
૬। દોકડા=૧ આનો.

---

૧૬ આના=૧ રૂપીઓ
૧૬ ઊપઆના=૧આનો
૧૬ ઉપ ઉપઆના=૧ ઉપઆનો.
૧૬ કાચીપાઈ=૧ પાઈ.
૧૬ વીસવાસી=૧બદામ
૧૬ બદામ=૧ દોકડો
૧૬ વાલ=૧ ગદિઆણો
૧૬ મણ=૧ કળશી
૧૬ અધોળ=૧ શેર
૧૭ પાયલી=૧ ફરો
૧૬ ડ્રામ=૧ ઔંસ
૧૬ ઔંસ=૧ પૌંડ
૧૬ ચોરસઆના=

૧૬×૧=થી ૧૬×૨૦=સુધી મોઢે કરવાથી આનાના રૂપીઆ; ઉપઆનાના આના; ઉપ ઉપઆનાના ઉપઆના; વીસવાસીની બદામ; બદામના દોકડા; અધોળના શેર; અઢીશેરના મણ; પાવલીના રૂપીઆ; ડ્રામના ઔંસ; ઔંસના પૌંડ (એવ); વાલના ગદિઆણા; મણની કળશી અને ચોરસ આનાના ગુંઠા કરવા સુગમ પડશે.

ઉદાહરણ—૧૪૪ આના, ઉપઆના, ઉપઉપઆના, વીસવાસી, બદામ, વાલ અને મણના; રૂપીઆ, આના ઉપઆના, બદામ, દોકડા ગદિઆણા ને કળશી કેટલી?

૧૪૪માં ૧૬ નવવાર છે, માટે ૯ રૂપીઆ, ૯ આના, ૯ ઉપઆના, ૯ બદામ, ૯ દોકડા, ૯ ગદિઆણા ને ૯ કળશી.

૧૨×૧થી ૧૨×૨૦ સુધી મોઢે કરવાથી પાઇના આના; નંગના ડઝન; ડઝનના ગ્રોસ; મણની માણી; મહીનાના વરસ; આંગળના વેંત; ઇંચના ફુટ; માસાના તોલા અને ઔંસ ટ્રોયના પૌંડ કરવા સુગમ પડશે.

ઉદાહરણ—૧૪૪ પાઇ, નંગ ડઝન, મણ, મહીના, આંગળ, ઇંચ, માસા, અને ઔંસ ટ્રોયના; આના, ડઝન, ગ્રોસ, માણી, વર્ષ, વેંત, ફુટ, તોલા અને પૌંડ ટ્રોય કેટલા?

૧૪૪માં ૧૨ બારવાર છે, માટે ૧૨ આના ૧૨ ડઝન, ૧૨ ગ્રોસ. ૧૨ માણી, ૧૨ વરસ, ૧૨ વેંત; ૧૨ ફુટ, ૧૨ તોલા, અને ૧૨ પૌંડ ટ્રોય.

પૂર્ણાંક સંખ્યાના વર્ગ કરવાની સહેલી રીતો:—

પહેલી રીત:—ગુણકના એકમ ગુણ્યમાં મેળવી, તેથી જે બે નવી સંખ્યા બને, તેનો ગુણાકાર કરી, તેમાં ગુણ્ય અને ગુણકના એકમનો ગુણાકાર મેળવવો.—

બીજી રીતઃ—ગુણાકાર કરવો સહેલો પડે એવી સંખ્યા ગુણકના એકમમાંથી લઇ ગુણ્યમાં મેળવવી, અને તેથી જે બે નવી સંખ્યા આવે તેનો ગુણાકાર કરી, તેમાં ગુણ્ય અને ગુણકની ઉમેરેલી તથા બાદ કરેલી સંખ્યાનો ગુણાકાર મેળવવો. જેમકે ૧૯ નો વર્ગ કરો.

પહેલી રીતઃ—૧૯+૯=૨૮, ૧૯-૯=૧૦, ૨૮×૧૦=૨૮૦.
૯×૯=૮૧, ૨૮૦+૮૧=૩૬૧.

બીજી રીત—૧૯+૧=૨૦, ૧૯-૧=૧૮, ૨૦×૧૮=૩૬૦,
૧×૧=૧, ૩૬૦+૧=૩૬૧.

આણુપાણુવાળા સંખ્યાનો વર્ગ કરવાની સહેલી રીતોઃ—

પહેલી રીત—ગુણકની રકમમાં જે પાણો હોય તે ગુણ્યમાં મેળવી, તેથી જે બે નવી સંખ્યાઓ બને, તેનો ગુણાકાર કરી તેમાં ગુણ્ય અને ગુણકની પાણોનો ગુણાકાર મેળવવો.

બીજી રીત—ગુણાકાર કરવો સહેલો પડે એટલી પાણો ગુણકની રકમમાંથી લઇ ગુણ્યમાં મેળવી, અને તેથી જે બે નવી સંખ્યાઓ બને તેનો ગુણાકાર કરી, તેમાં ગુણ્ય અને ગુણકની ઉમેરેલી તથા બાદ કરેલી પોણાનો ગુણાકાર મેળવવો. જેમકે ૭।।। નો વર્ગ કરો.

પહેલી રીત—૭।।।+૦।।।=૮।।, ૭।।।-૦।।।=૭, ૮।।×૭=૫૯।।,
૦।।।×૦।।।=૦।।–, ૫૯।।+૦।।–=૬૦)–

બીજી રીત—૭।।।+૦।=૮. ૭।।।-૦।=૭।।, ૮×૭।।=૬૦,
૦।×૦।=૦)–, ૬૦+૦)–=૬૦)–.

દશક સરખા હોય પણ એકદમ સરખા ન હોય એવી કોઈ બે સંખ્યાનો ગુણાકાર કરવાની સહેલી રીત.

ગુણકમાંના એકમ ગુણ્યમાં મેળવી, તેથી જે બે નવી સંખ્યાઓ બને તેનો ગુણાકાર કરી, તેમા ગુણ્ય અને ગુણકના એકમનો ગુણાકાર મેળવવો. આ રીત સરખા શતક, હજાર, ઇત્યાદિવાળી બે સંખ્યાઓના ગુણાકારને પણ લાગુ પડશે. તેમજ આણાપાણુવાળી સંખ્યાઓ કે જેના પૂર્ણાંક સરખા હોય તેવી બે સંખ્યાઓના ગુણાકારને પણ લાગુ પડશે, એટલુંજ નહિ પણ વર્ગને પણ લાગુ પડશે. જેમકે

૧૫×૧૭; ૪૫×૪૩; ૧૨૫×૧૩૫; ૩॥×૩।; ૪॥=×૪।.

(૧૫+૭), × (૧૭−૭) + (૫×૭)=૨૨×૧૦+૩૫=૨૫૫.
(૪૫+૩) × (૪૩−૩) + (૫×૩)=૪૮×૪૦+૧૫=૧૯૩૫.
(૧૨૫+૩૫) × (૧૩૫−૩૫) + (૨૫×૩૫)=૧૬૦×૧૦૦+૮૭૫.
=૧૬૮૭૫.

(૩॥+૦।) × (૩।−૦।)+(૦॥×૦।)=૪×૩+૦)≡=૧૨)≡
(૪॥=+૦।) × (૪।−૦।)+(૦॥=×૦।)=૪॥=×૪+૦)=॥=૧૯॥=॥

૦। નો વર્ગ	રૂ. ૦)~	રૂ. ૧॥	,, રૂ. ૨।
૦॥	,, રૂ. ૦।	રૂ. ૧॥।	,, રૂ. ૩)~
૦॥।	,, રૂ. ૦॥~	રૂ. ૨	,, રૂ. ૪
૧	,, રૂ. ૧	રૂ. ૨।	,, રૂ. ૫)~
।	,, રૂ. ૧॥~	રૂ. ૨॥	,, રૂ. ૬।

મનોયત્ન ૧.

૧) ૭૨; ૯૬, ૧૯૨, ૨૦૪, ૩૦૪ ઉપફૂપઆનાના ઉપઆના; ઉપઆનાના આના; વીસવાસીની બદામ; બદામના દોકડા; વાલના ગદિયાણા; અઢીશેરીના મણ; અધોળના શેર; પાયલીના ફરા; ડ્રામના ઔંસ (એવ); ઔંસના પૌંડ (એવ); ચોરસ આનાના ગુઠા કરો.

૨) ૪૩।।।, ૭૬।, ૧૨।।, ૬૭।। અને ૮૦ રૂપીઆભારના અધોળ તથા શેરની અઢીશેરી કહો.

૩) ૪૨।।, ૫૫, ૯૭।। ૧૪૬।, ૩૫૮, ૨૭૬, ૪૨૩, ૬૨૯ અને ૫૭૭।।। સુરતી પૈસાનું નાણું કરો.

૪ ૧૫, ૩૭, ૪૮, ૭૫, ૧૪।, ૨૬।।।, ૩૭।।નો વર્ગ કરો.

૫ ૧૫×૧૮; ૩૩×૨૭; ૩૫×૨૩; ૧।।×૬।; ૨।।×૨।।।; નો ગુણાકાર કહો.

૬) રૂ. ૦।થી રૂ. ૨।। સુધીનો વર્ગ કહો,

પાઊના ગુણાકાર.

રૂ. ૦। ×૦।=રૂ. ૦)–
રૂ. ૦।। ×૦।=રૂ. ૦)=
રૂ. ૦।।। ×૦।=રૂ. ૦)≡
રૂ. ૦। ×૦।।=રૂ. ૦)=
રૂ. ૦।। ×૦।।=રૂ. ૦।
રૂ. ૦।।। ×૦।।=રૂ.રૂ. ૦।=
રૂ। ૦। ×૦।।।=રૂ. ૦)≡
રૂ. ૦।। ×૦।।।=રૂ. ૦।=
રૂ. ૦।।। ×૦।।।=રૂ. ૦।।–

રૂ ૦)૦। ×૦।=રૂ. ૦)૦)–
રૂ. ૦)૦।। ×૦।=રૂ. ૦)૦)=
રૂ. ૦)૦।।। ×૦।=રૂ. ૦)૦)≡
રૂ. ૦)૦। ×૦।।=રૂ. ૦)૦)=
રૂ. ૦)૦।। ×૦।।=રૂ. ૦)૦।
રૂ. ૦)૦।।। ×૦।।=રૂ ૦)૦।=
રૂ. ૦)૦। ×૦।।।=રૂ. ૦)૦)≡
રૂ. ૦)૦।। ×૦।।।=રૂ. ૦)૦।=
રૂ. ૦)૦।।। ×૦।।।=રૂ. ૦)૦।।–

પ્રકરણ ૨.

ગુણોત્તરની સમજ.

એક સંખ્યા બીજી સંખ્યાથી કેટલા ગણી છે અથવા બીજીનો કેટલામો ભાગ છે એ બતાવનારી ત્રીજી સંખ્યાને તે બે સંખ્યાનું ગુણોત્તર* કહે છે. જેમકે ૨૪ એ ૬થી ૪ ગણી છે, માટે ૨૪ અને ૬નું ગુણોત્તર ૪, ૬ એ ૨૪નો ચોથો ($\frac{૧}{૪}$) ભાગ છે, માટે ૬ અને ૨૪નું ગુણોત્તર $\frac{૧}{૪}$. $\frac{૨}{૩}$ અને $\frac{૮}{૯}$નું ગુણોત્તર $\frac{૨}{૩} \div \frac{૮}{૯} = \frac{૩}{૪}$ છે.

એકજ જાતની કોઇ બે સંખ્યાનો મુકાબલો બે રીતે થઇ શકે.

૧) એક સંખ્યા બીજીથી કેટલી વધારે અથવા ઓછી છે એમ કહીને.

૨) એક સંખ્યા બીજીથી કેટલા ગણી છે અથવા બીજીનો કેટલામો ભાગ છે એમ કહીને.

જેમકે ૨૪ અને ૬ એ બે સંખ્યાઓ લીધી તો પહેલી રીતે ૨૪ એ ૬થી ૧૮ વધારે છે અથવા ૬ એ ૨૪થી ૧૮ ઓછી છે એમ કહેવાય, અને બીજી રીતે ૨૪ એ ૬થી ૪ ગણી છે અથવા ૬ એ ૨૪નો ૪થો ($\frac{૧}{૪}$) ભાગ છે એમ કહેવાય. પહેલી રીતમાં બે સંખ્યાની બાદબાકી કરવી પડે છે, અને બીજી રીતમાં પહેલીને બીજીએ ભાગવી પડે છે, ગુણોત્તર કાઢવામાં આ બીજી રીતેજ મુકાબલો કરી સમજાય એટલે ૨૪ એ ૬થી ૪ ગણા છે અથવા ૬ એ ૨૪નો ૪થો ($\frac{૧}{૪}$) ભાગ છે, એ યાદ રાખવું.

---

* ગુણોત્તર=(ગુણ=ગણું+ઉત્તર=વધારે)=અમુક ગણું વધારે.

ગુણોત્તર કાઢવામાં બે સંખ્યાનો ક્રમ કાયમ રાખી પહેલીને ભાજ્ય અને બીજીને ભાજક ગણવી, ક્રમ ફેરવી નાખવાથી જવાબ ઉલટાઈ જશે.

જે બે સંખ્યાનું ગુણોત્તર કાઢવું હોય, તે બે સંખ્યા મળીને યુગ્મ કહેવાય છે. ગુણોત્તરની પહેલી સંખ્યાને અગ્રસર અને બીજીને ઉપાગ્રસર કહે છે.

ગુણોત્તર બતાવવાને અગ્રસર અને ઉપાગ્રસર વચ્ચે ભાગાકાર (÷) આવા ચિહ્નનું ટુંકું રૂપ (:) આવા બે ટપકાં મૂકવામાં આવે છે; જેમ ૩ને ૪નું ગુણોત્તર ૩ : ૪ આમ લખાય. અને વાંચવું હોય ત્યારે ૩ જેમ ૪ને છે એમ બોલાય. ૩ અને ૪ એ બન્ને પદ કહેવાય.

અગ્રસર અને ઉપાગ્રસર વચ્ચે ભાજ્ય અને ભાજકનો સંબંધ છે, એટલે અગ્રસર અંશ અને ઉપાગ્રસર છેદ ગણી અપૂર્ણાંક લખવાથી તેમનું ગુણોત્તર નીકળે છે; માટે ગુણોત્તર કાઢવાને **પહેલી સંખ્યાને બીજી સંખ્યાએ ભાગવી** પડે છે, આ ઉપરથી સ્પષ્ટ છે કે અપૂર્ણાંકના અંશ અને છેદ વચ્ચે જે સંબંધ છે, તેવોજ સંબંધ બે સંખ્યાના ગુણોત્તર વચ્ચે છે.

અપૂર્ણાંકના અંશ અને છેદને એકજ રકમે ગુણવાથી અથવા ભાગવાથી કિંમતમાં ફેર પડતો નથી તેમજ જે બે સંખ્યાનું ગુણોત્તર કાઢવું હોય તે બે સંખ્યાઓને પણ એકજ રકમે ગુણવાથી અથવા ભાગવાથી ગુણોત્તરની કિંમતમાં ફેર પડતો નથી જેમ ૩ અને ૪ એ બે સંખ્યાનું ગુણોત્તર $\frac{3}{4}$ છે. હવે ૩ને ૪એ ગુણ્યા અને ૪ને પણ ૪એ ગુણ્યા તો ૧૨ અને ૧૬ એ સંખ્યા [illegible] તો

એ બે સંખ્યાનું ગુણોત્તર $\frac{12}{16}$ અથવા $\frac{3}{4}$ એ એકનું એકજ છે. ૩ને ૪એ ભાગવાથી $\frac{3}{4}$ અને ૪ને ૪એ ભાગવાથી ૧. એટલે $\frac{3}{4}$ ને ૧ એ બે સંખ્યાઓ થઇ તો એ બે સંખ્યાઓનું ગુણોત્તર પણ $\frac{3}{4}$જ છે.

૧૨ કેરી ૪ કેરીથી કેટલા ગણી છે એમ કહી શકાય. પરંતુ ૧૨ મણ ૪ કેરીથી કેટલા ગણા છે એમ કહેવાય નહિ. આ ઉપરથી જણાય છે કે **ગુણોત્તર હંમેશાં બે એકજ જાતની સંખ્યાઓ વચ્ચે નીકળી શકે.** પરિમાણુની જાત એકજ હોય પણ નામ જુદાં હોય તો બંનેને એક નામમાં લાવી ગુણોત્તર કાઢવું જેમકે ૧ રૂપીઓ ને એક આનો; ૧ મણ ને ૧ શેર; ૧ ગજ ને ૧ તસુ; ૧ કલાક ને ૧ સેકંડનું ગુણોત્તર કાઢવું હોય તો ૧ રૂપીઓ=૧૬ આના, માટે ૧૬ આના ને એક આનાનું ગુણોત્તર ૧૬. ૧ મણ=૪૦ શેર, માટે ૪૦ શેર ને એક શેરનું ગુણોત્તર ૪૦. ૧ ગજ=૨૪ તસુ, માટે ૨૪ તસુ ને ૧ તસુનું ગુણોત્તર ૨૪. ૧ કલાક=૩૬૦૦ સેકંડ માટે ૩૬૦૦ સેકંડ ને એક સેકંડનું ગુણોત્તર ૩૬૦૦. વળી આ ઉપરથી એમ પણ જણાય છે કે **કોઇ પણ એકજ જાતનાં બે પરિમાણોનું ગુણોત્તર તેના કોષ્ટક જેટલુંજ આવે છે.**

૩ રૂપીઆ ને ૩ આના; ૩ મણ ને ૩ શેર; ૩ ગજ ને ૩ તસુ; ૩ કલાક ને ૩ સેકંડનું ગુણોત્તર ૧૬; ૪૦; ૨૪ અને ૩૬૦૦ છે. આ ઉપરથી એમ જણાય છે કે **કોઇ પણ એકજ જાતનાં સરખી સંખ્યાવાળાં બે પરિમાણોનું ગુણોત્તર પણ તેના કોષ્ટક જેટલુંજ આવે છે.**

૩ રૂપીઆ ને ૧ આનો; ૩ મણ ને ૧ શેર, ૩ ગજ ને ૧ તસુ; ૩ કલાક ને ૧ સેકંડનું ગુણોત્તર કહો. જવાબ ૪૮, ૧૨૦. ૭૨ અને ૧૦૮૦૦. જુઓ ત્યારે આ ઉપરથી સમજાય છે કે **અગ્રસરનો જેટલામો ભાગ ઉપાગ્રસર હોય તે ભાગે તે પરિમાણોના કોષ્ટકને ગુણવાથી ગુણોત્તર નીકળે છે.**

૩ રૂપીઆ ને ૬ આના; ૩ મણ ને ૬ શેર; ૩ ગજ ને ૬ તસુ; ૩ કલાક ને ૬ સેકંડનું ગુણોતર કેટલું ? જવાબ ૮, ૨૦, ૧૨; ૧૮૦૦,, જુઓ ત્યારે આ ઉપરથી સમજાય છે કે **અગ્રસર કરતાં ઉપાગ્રસર જેટલા ગણો હોય તેટલા ગણાએ તે પરિમાણોના કોષ્ટકને ભાગવાથી ગુણોત્તર નીકળે છે.**

* વિશેષ સંખ્યાને વિશેષ સંખ્યાએ ભાગવાથી જવાબ સાદી સંખ્યા આવે છે, માટે જુદાં જુદાં વિવિધ પરિમાણો અથવા એકજ જાતની વિશેષ સંખ્યાઓનું ગુણોત્તર સાદી સંખ્યા આવે એ સ્પષ્ટ છે જેમકે ૧૫ મણ ને ૩ મણનું ગુણોત્તર ૩ મણ નહિ, પણ ૩ સાદી સંખ્યા છે.

મનોયત્ન ૨.

રૂપીઆના આના કેટલા ?	મણના શેર કેટલા ?
આનાની પાઇ કેટલી ?	શેરના અધોળ કેટલા ?
માણીના મણ કેટલા ?	શેરના રૂ. ભાર કેટલા ?
ડઝનના નંગ કેટલાં ?	ખાંડીના મણ કેટલા ?

* સંખ્યાની સાથે કોઇ વસ્તુનું નામ આવે ત્યારે તેને વિશેષ સંખ્યા કહે છે. જેમકે ૫ રૂપીઆ, ૩ મણ, ૨ ગજ, ૪ વર્ષ વગેરે. વગેરે આમાં ૫, ૩, ૨, ૪ વિશેષ સંખ્યા છે,

ભારના મણ કેટલા ?
ભારની ઘડી કેટલી ?
તોલાના વાલ કેટલા ?
તોલાની રતી કેટલી ?
ગદિઆણાના વાલ કેટલા ?
વાલની રતી કેટલી ?
ગદિઆણાની રતી કેટલી ?
ગજના તસુ કેટલા ?
રીમના ધા કેટલા ?
સેંકડાના નંગ કેટલાં ?
મહીનાના દિવસ કેટલા ?
ગાલ્લીના મણ કેટલા ?
ગાલ્લીના દશશેરા કેટલા ?
વર્ષના દિવસ કેટલા ?
રૂપીઆના દોકડા કેટલા ?
આનાની બદામ કેટલી ?
પૌંડના શિલિંગ કેટલા ?
આનાના ઉપઆના કેટલા ?
પાવલાની પાઇ કેટલી ?
૭ રૂપીઆના આના કરો.
૮ આનાની પાઇ કરો.

૪ શેરના પાશેરા કરો.
૮ મણના શેર કરો.
૩ કોડીના નંગ કરો.
૬ ગાલ્લીના મણ કરો.
૦ાા રૂપીઆના આના કરો.
૧ાા રૂપીઆના આના કરો.
૩ાા શેરના અધોળાં કરો.
૧ાા શેરના નવટાંક કરો.
૧ાા મણની પાંચશેરી કરો.
૧ા ગદિઆણાની રતી કરો.
૧ાા ખાંડીના મણ કરો.
૩ા ડઝનનાં નંગ કરો.
૧ા પૌંડની શિલિંગ કરો.
૧ાા શિલિંગના પેન્સ કરો.
૧ાા પેન્સની ફાર્થિંગ કરો.
૪ા રૂપીઆના દોકડા કરો.
૩ાા આનાના ઉપઆના કરો.
૨ાા આનાની બદામ કરો.
૧ાા તોલાના વાલ કરો.
૩ાા ગજના તસુ કરો.

---

૨૪ આનાના રૂપીઆ કેટલા ?
૪૮ રતીના ગદીઆણા કેટલા ?

૧૮ મણની માણી કેટલી ?
૪૦ નંગની કોડી કેટલી ?

૨૪ મણની કળશી કેટલી ?
૨૫ શિલિંગના પૌંડ કેટલા ?
૬૪ વાલના તોલા કેટલા ?
૨૮ પાશેરના શેર કેટલા ?
૩૨ વાલના ગદિઆણા કેટલા ?
૩૨ મણની કળશી કેટલી ?
૮ માણીના ભાર કેટલા ?
૬ મણની ધડી કેટલી ?
૧૨ કળશીના એડીઆં કેટલાં ?
૬ ખાંડીની ગાલ્લી કેટલી ?
૧૫ ભારની માણી કેટલી ?
૭ એડીઆંની કળશી કેટલી ?
૩ ગાલ્લીની ખાંડી કેટલી ?
૫ ધડીના મણ કેટલા ?
૧૧ સેંકડાની કોડી કેટલી ?
૦॥ હજારના સેંકડા કેટલા ?

મનોયત્ન ૩.

નીચેના પરિમાણોનું ગુણોત્તર કાઢો.

૮	ને	૪	૧/૨	ને	૧/૪	શેર	:	નવટાંક
૪	ને	૮	૫/૮	ને	૮/૧૬	મણ	:	પાંચશેરી
૨૫	ને	૫	૭/૯	ને	૧૪/૯	ડઝન	:	નંગ
૫	ને	૨૫	૮ ફેરી	ને	૪ ફેરી	ગ્રોસ	:	ડઝન
૧૦	ને	૧૦૦૦	૪ મણ	ને	૮ મણ	ભાર	:	ધડી
૦॥।	ને	૦।	રૂપીઓ	:	આનો.	ગજ	:	તસુ
૦।	ને	૦॥।	પાવલું	:	પાઇ	ભાર	:	મણ
૦॥	ને	૦।	આનો	:	પાઇ	એડીઉં	:	મણ
૦।	ને	૦॥	આનો	:	દોઢ પાઇ	ગાલ્લી	:	મણ
૩/૪	ને	૧/૪	માણી	:	મણ	મહીનો	:	દિવસ
૧/૪	ને	૩/૪	મણ	:	શેર	પૌંડ	:	શિલિંગ
૧/[illegible]	ને	૧/૨	શેર	:	રૂા. ભાર	શિલિંગ	:	પેન્સ

પેન્સ : ફાર્ધિંગ	તોલો : વાલ	રીમ : ઘા
ટન : હંડ્રવેટ	ગદિઆણો: વાલ	
રૂડ : પોલ	તોલો : રતી	પેનીવેટ : ગ્રેન
એકર : ગુંઠો	ગદિઆણો: રતી	
વર્ષ : દિવસ	ઘા : તાવ	માઇલ : ફર્લાંગ

ઔંસ(ટ્રોય): પૌંડ	ઘડી : ભાર	ફાર્ધિંગ : પેની
આના : રૂપીઆ	તસુ : ગજ	હંડ્રવેટ : ટન
પાઇ : પાવલું	મણ : ભાર	પોલ : રૂડ
પાઇ : આનો	મણ : બેડીઉં	રૂડ : એકર
દોઢપાઇ : આનો	મણ : ગાલ્લો	ગુંઠો : એકર
મણ : માણી	મણ : કળશી	દિવસ : વર્ષ
શેર : મણ	મણ : મુંડો	વાલ : ગદિઆણો
રૂ.ભાર : શેર	મહીનો : વર્ષ	રતી : તોલો
નવટાંક : મણ	દિવસ : મહીનો	રતી : ગદિઆણો
નંગ : ડઝન	શિલિંગ : પૌંડ	તાવ : ઘા
ડઝન : ગ્રોસ	પેન્સ : શિલિંગ	ગ્રેન : પેનીવેટ
		ફર્લાંગ : માઇલ

મનોયત્ન ૪.

રૂપીઓ : બેઆની	રૂપીઓ : ૧૦ દોકડા	રૂપીઓ : ૧૬ દોકડા
રૂપીઓ : ૧૨॥ દો.	રૂપીઓ : ૮ સું૦પૈસા	રૂપીઓ : ૫ સું૦પૈસા
રૂપીઓ : ૧૦ સું૦ પૈસા	રૂપીઓ : ૧૬ પાઇ	રૂપીઓ : ૫ દોકડા
	રૂપીઓ : ૧ આનો	રૂપીઓ : ૪સું૦પૈસા

રૂપીઓ : ૮ પાઇ	રૂપીઓ : ૦ાા પાઇ	આનો : ૦ા સુ૦પૈસો
રૂપીઓ : ૬ પાઇ	રૂપીઓ : ૫ બદામ	આનો : ૦ા પાઇ
રૂપીઓ : ૨ાા દોકડા	રૂપીઓ : ૦ા સુ૦પૈસો	આનો : ૦ાા ઉ૦આ૦
રૂપીઓ : ૨ સુ૦પૈસા	આનો : ૧ અધેલો	આનો : ૨ાા બદામ
રૂપીઓ : ૪ પાઇ	આનો : ૨ ઉ૦આના	આનો : ૦ા પાઇ
રૂપીઓ : ૧ પૈસો	આનો : ૧૨ાા બ.	આનો : ૦ા ઉ૦આ૦
રૂપીઓ : ૩ પાઇ	આનો : ૧૦ બદામ	આનો : ૫ વીસ૦
રૂપીઓ : ૨૫ બદામ	આનો : ૦ાા સુ૦ પૈ.	આનો : ¾ પાઇ
રૂપીઓ : ૪ ઉ૦આના	આનો : ૧ પાઇ	આનો : ૧ બદામ
રૂપીઓ : ૨ પાઇ	આનો : ૧ ઉ૦ આ૦	આનો : ૧ ઉપ
રૂપીઓ : ૧ દોકડો	આનો : ૬ા બદામ	ઉપઆનો
રૂપીઓ : ૧ ઉ૦આનો	આનો : ૫ બદામ	આનો : ૫ વીસુવાસી

મનોયત્ન ૫.

પૌંડ : ૨ાા શિ.	પૌંડ : ૬ પેન્સ	શિલિંગ : ૧ાા પેન્સ
પૌંડ : ૨ શિલિંગ	પૌંડ : ૫ પેન્સ	શિલિંગ : ૧ પેની
પૌંડ : ૧ શિ. ૪ પે	પૌંડ : ૪ પેન્સ	શિલિંગ : ૦ાા પેની
પૌંડ : ૧ા શિલિંગ	પૌંડ : ૨ાા પેન્સ	શિલિંગ : ૨ ફાર્થિંગ
પૌંડ : ૧ શિલિંગ	પૌંડ : ૨ પેન્સ	શિલિંગ : ૧ાા ફા૦
પૌંડ : ૧૦ પેન્સ	પૌંડ : ૧ પેન્સ	શિલિંગ : ૧ ફાર્થિંગ
પૌંડ : ૮ પેન્સ	પૌંડ : ૩ાા ફા.	શિલિંગ : ૦ાાા ફા૦
પૌંડ : ૭ાા પેન્સ.	પૌંડ : ૦ાા પેની	શિલિંગ : ૦ાા ફા૦

મનોયત્ન ૬.

માણી : ૬ મણ	ધડી : ૨ શેર	ખાંડી : ૦ાા મણ
માણી : ૪ મણ	ધડી : ૧ાા શેર	મણ : ૨૦ શેર
માણી : ૩ મણ	ધડી : ૧ શેર	મણ : ૧૦ શેર
માણી : ૨ મણ	ધડી : ૦ાા શેર	મણ : ૮ શેર
માણી : ૧ાા મણ	તોલો : ગદિઆણો	મણ : ૫ શેર
માણી : ૧ મણ	તોલો : ૩૨ રતી	મણ : ૪ શેર
માણી : ૦ાા મણ	તોલો : ૮ વાલ	મણ : ૨ાા શેર
ધા : ૧૨ તાવ	તોલો : ૧૬ રતી	મણ : ૨ શેર
ધા : ૮ તાવ	તોલો : ૪ વાલ	મણ : ૧ા શેર
ધા : ૬ તાવ	તોલો : ૮ રતી	મણ : ૧ શેર
ધા : ૪ તાવ	તોલો : ૨ વાલ	સેંકડો : ૫૦ નંગ
ધા : ૩ તાવ	તોલો : ૪ રતી	સેંકડો : ૨૫ નંગ
ધા : ૨ તાવ	તોલો : ૧ વાલ	સેંકડો : ૨૦ નંગ
ધા : ૧ાા તાવ	તોલો : ૨ રતી	સેંકડો : ૧૨ાાનંગ
ધા : ૦ાા તાવ	તોલો : ૦ાા વાલ	સેંકડો : ૧૦ નંગ
ધડી : ૨૪ શેર	તોલો : ૧ રતી	સેંકડો : ૬ા નંગ
ધડી : ૧૬ શેર	ખાંડી : ૧૦ મણ	સેંકડો : ૫ નંગ
ધડી : ૧૨ શેર	ખાંડી : ૫ મણ	સેંકડો : ૪ નંગ
ધડી : ૮ શેર	ખાંડી : ૪ મણ	સેંકડો : ૨ાા નંગ
ધડી : ૬ શેર	ખાંડી : ૨ાા મણ	સેંકડો : ૨ નંગ
ધડી : ૪ શેર	ખાંડી : ૨ મણ	સેંકડો : ૧ નંગ
ધડી : ૩ શેર	ખાંડી : ૧ મણ	હજાર : ૫૦૦ નંગ

હજાર	: ૨૫૦ નંગ	હજાર	: ૨૦ નંગ	મહીનો	: ૩॥ દિવસ
હજાર	: ૨૦૦ નંગ	હજાર	: ૧૨॥ નંગ	મહીનો	: ૩ દિવસ
હજાર	: ૧૨૫ નંગ	હજાર	: ૧૦ નંગ	મહીનો	: ૨॥ દિવસ
હજાર	: ૧૦૦ નંગ	મહીનો	: ૧૫ દિવસ	મહીનો	: ૨ દિવસ
હજાર	: ૬૨॥ નંગ	મહીનો	: ૧૦ દિવસ	મહીનો	: ૧॥ દિવસ
હજાર	: ૫૦ નંગ	મહીનો	: ૭॥ દિવસ	મહીનો	: ૧। દિવસ
હજાર	: ૪૦ નંગ	મહીનો	: ૬ દિવસ	મહીનો	: ૧ દિવસ
હજાર	: ૨૫ નંગ	મહીનો	: ૫ દિવસ		

મનોયત્ન ૭.

ગાલ્લી	: ૦। મણ	૫ નવટાંક	: ૧। રૂ.ભા.	૧॥ દિવસ	: વર્ષ
૪ શેર	: માણી	૩૬ રતી	: ૦॥ તોલો	૧। ભાર	: ૦॥ મણ
૮ શેર	: રૂ।.ભાર	૦॥ ઔંસ (ટ્રાય)	:	૩૬ દિવસ	: ૨ વર્ષ
૩ પૈંડ	: ૨ શિલિંગ		૧૮૦ ગ્રેન	૫ પોલ	: ૨ માઇલ
અઢીશેરી	: મણ	૩ એકર	: ૨ ગુઠા	૧૨॥ દોકડા	: ૬। બ૦
અડધો પૈંડ	: પેની	૧। વર્ષ	: ૩ માસ	૧૮॥ દોકડા	: ૩ આ.
૧૦ આના	: પાઈ	૩॥ શેર	: ૧૫ શેર	૪૮ શેર	: ૧ ધડી
ગજ	: ૨ તસુ	૨॥ રૂપીઆ	: ૪ આના	૧૨ માસા	: ૯૬ રતી
૨ તસુ	: ગજ	૧॥ મણ	: ૩ શેર	૯૬ રતી	: ૨ ગદિ.
૦॥ રૂપીઓ	: ૧૨॥ દો	૦॥ મણ	: બેડીઉં	રૂ. ૦॥=	: રૂ. ૬૦
૦॥ આનો	: ૬। બદામ	૧॥ રતી	: તોલો	૨ પૈંડ	: ટ પેન્સ
૧૦ શેર	: ગાલ્લી	૬૪ શેર	: કળશી	૩ કોડી	: ૪ નંગ
૫૦ બદામ	: ૦॥ આ.	ગોલ્લી	: ૭૫ શેર	૧॥ મણ	: ૫ શેર

મનોયત્ન ૮.

૩ રૂપીઆ : ૩ આના
૭ આના : ૭ પાઇ
૩ પૌંડ : ૩ શિલિંગ
૪ શિલિંગ : ૪ પેન્સ
૪ માણી : ૪ મણુ
૮ તોલા : ૮ વાલ
૨ તોલા : ૨ રતી
૭ ટન : ૭ હંડ્રવેટ
૩ ગાલ્લી : ૩ મણુ
૨ વર્ષ : ૨ મહીના

૩ મહીના : ૩ દિવસ
૭ મણુ : ૭ શેર
૭ શેર : ૭ અધોળ
૩ શેર : ૩ પાશેર
૫ દોકડા : ૫ બદામ
૩ રૂપીઆ : ૩ દોકડા
૮ રૂપીઆ : ૮ પાવલા
૪ આના : ૪ ઉપઆના
૩ પૈસા : ૩ પાઇ

૧। રૂપીઓ : ૧। આનો
૧॥ આનો : ૧॥ પાઇ
૨। પૌંડ : ૨। શિલિંગ
૩॥ પૌંડ : ૩॥ શિલિંગ
૩। માણી : ૩। મણુ
૨॥ મણુ : ૨॥ શેર
૧॥। શેર : ૧॥। રૂપીઆભાર
૩॥ શેર : ૩॥ અધોળ
૧॥ ડઝન : ૧॥ નગ
૨। ગ્રોસ : ૨। ડઝન
૧। તોલો : ૧। વાલ

૨॥। વાલ : ૨॥। રતી
૧। ગદિઆણો : ૧। વાલ
૧॥ એડીક : ૧॥ મણુ
૦॥। ગાલ્લી : ૦॥। મણુ
૦॥। શેર : ૦॥। અધોળ
૦। મણુ : ૦। શેર
૦॥ રૂપીઓ : ૦॥ દોકડો
૦॥। આનો : ૦॥। બદામ
૦॥ દોકડો : ૦॥ બદામ
૦। બદામ : ૦। વીસવાસી
૧। આનો : ૧। બદામ

મનોયત્ન ૯.

૪ પૈસા : ૪ આના.	૫ દોકડા : ૫ રૂપીઆ
૩ આના : ૩ રૂપીઆ	૧॥ વાલ : ૧॥ તોલો
૩ તસુ : ૩ ગજ	૨॥ શેર : ૨॥ મણ
૭ વાલ : ૭ તોલા	૨॥ તસુ : ૨॥ ગજ
૪ તાવ : ૪ ધા	૧॥ ડઝન : ૧॥ ગ્રોસ
૭ પેન્સ : ૭ શિલિંગ	૧॥ આનો : ૧॥ રૂપીઓ
૩ ફાર્ધિંગ : ૩ પેન્સ	૦। આનો : ૦। રૂપીઓ
૨ પેન્સ : ૨ પૌંડ	૦॥ શિલિંગ : ૦॥ પૌંડ
	૦॥। પેન્સ : ૦॥। શિલિંગ

મનોયત્ન ૧૦.

૪ રૂપીઆ : ૨ આના	૮ શેર : ૪। અધોળ
૬ શેર : ૩ રૂપીઆભાર	૭ તોલા : ૩॥ વાલ
૪ મણ : ૨ શેર	૨ ગદિઆણા : ૧ વાલ
૭ ખાંડી : ૩॥ મણ	૩ મણ : ૧॥ શેર

૩ ગ્રોસ : ૦॥। ડઝન	૧૪ રૂપીઆ : ૩॥ દોકડા
૮ મણ : ૨ શેર	૩ આના : ૦॥। બદામ
૪ વર્ષ : ૧ માસ	૪ આના : ૧ પાઇ
૬ ગાડી : ૧॥ મણ	૩ પૌંડ : ૦॥। શિલિંગ
૨ બેડાઆં : ૦॥ મણ	૪ શિલિંગ : ૧ પેન્સ

૧ આના	: ૨ પાઈ	૮ મણ	: ૧૬ શેર
૧॥ મણ	: ૩ શેર	૨ ખાંડી	: ૪ મણ
૫ દોકડા	: ૧૦ બદામ	૩ ગાડી	: ૬ મણ
૪ રૂપીઆ	: ૮ આના	૪ તોલા	: ૮ વાલ
૩ શેર	: ૬ રૂપીઆભાર	૩ ગદિઆણા	: ૬ રતી
૫ શેર	: ૧૦ અધોળ	૨ ડઝન	: ૪ નંગ
		૩ ટન	: ૬ હંડ્રવેટ

૨ મણ	: ૮ શેર	૩ આના	: ૧૨ ઉપઆના
૨ વષ	: ૮ દિવસ	૩ બદામ	: ૧૨ વીસવાસી
૩ ભાર	: ૧૨ મણ	૨ પૌંડ	: ૮ શિલિંગ
૩ શેર	: ૧૨ અધોળ	૩ પેન્સ	: ૧૨ શિલિંગ
૩ રૂપીઆ	: ૧૨ દોકડા	૩ શિલિંગ	: ૧૨ પૌંડ
૪ આના	: ૧૬ દોઢપાઈ	૩ આના	: ૧૨ રૂપીઆ
		૩ પાઈ	: ૧૨ આના

મનોયત્ન ૧૧.

૧) ૧॥ મણ ને કેટલા શેરનું ગુણોત્તર ૧૨ ?
૨) ૧। શેર ને કેટલા રૂપીઆભારનું ગુણોત્તર ૮ ?
૩) ૧। રૂપીઓ ને કેટલા આનાનું ગુણોત્તર ૮ ?
૪) ૬૨॥ દોકડા ને કેટલા પૈસાનું ગુણોત્તર ૧૦ ?
૫) પૌંડ ને કેટલા શિલિંગનું ગુણોત્તર ૨૦ ?
૬) ૧॥ કળશી ને કેટલા મણનું ગુણોત્તર ૨૪ ?
૭) ૪ ગાડી ને કેટલી ખાંડીનું ગુણોત્તર ૮ ?
૮) ૨ વર્ષ ને કેટલા દિવસનું ગુણોત્તર ૨૪ ?

૯) ૩॥ રૂપીઆ ને કેટલા આનાનું ગુણોત્તર ૧૨ ?
૧૦) ૫ નંગને કેટલા સેંકડાનું ગુણોત્તર ૧/૨૦ ?
૧૧) ૨૪ પાઇ ને કેટલા આનાનું ગુણોત્તર ૧/૪ ?
૧૨) ૨૪ ડઝન ને કેટલા ગ્રોસનું ગુણોત્તર ૧/૩ ?
૧૩) કેટલા શેર ને ૩ નવટાંકનું ગુણોત્તર ૪ ?
૧૪) કેટલા શિલિંગને ૬ પેન્સનું ગુણોત્તર ૨૪ ?
૧૫) કેટલી ધડી ને ૩ શેરનું ગુણોત્તર ૧૬ ?
૧૬) કેટલા શેર ને ૫ નવટાંકનું ગુણોત્તર ૮ ?
૧૭) કેટલા રૂપીઆ ને ૩ આનાનું ગુણોત્તર ૧૬ ?
૧૮) કેટલા રીમ ને ૩ ગાંસડીનું ગુણોત્તર ૧/૨૦ ?
૧૯) કેટલા આના ને ૧॥ રૂપીઆનું ગુણોત્તર ૧/૨ ?
૨૦) કેટલી પાઇ ને ૩ રૂપીઆનું ગુણોત્તર ૧/૧૯૨ ?
૨૧) કેટલા શેર ને ૨ મણનું ગુણોત્તર ૧/૨૦ ?

સૂચના—૨૨ થી ૪૦ સવાલના જવાબ અનેક આવશે.

૨૨) કેટલા રૂપીઆ ને કેટલા આનાનું ગુણોત્તર ૮ ?
૨૩) કેટલા મણ ને કેટલા શેરનું ગુણોત્તર ૪૦ ?
૨૪) કેટલા શેર ને કેટલા નવટાંકનું ગુણોત્તર ૮ ?
૨૫) કેટલી ખાંડી ને કેટલા મણનું ગુણોત્તર ૨૦ ?
૨૬) કેટલી ગાડી ને કેટલા મણનું ગુણોત્તર ૩૦ ?
૨૭) કેટલા બેડીઆં ને કેટલા મણનું ગુણોત્તર ૩૨
૨૮) કેટલા તોલા ને કેટલા વાલનું ગુણોત્તર ૩૨ ?
૨૯) કેટલા જ્યોકર ને કેટલા ગુંઠાનું ગુણોત્તર ૪૦ ?
૩૦) કેટલા ધા ને કેટલા તાવનું ગુણોત્તર ૨૪ ?

૩૧) કેટલી ઘડી ને કેટલા પ્હોરનું ગુણોત્તર ૪૮ ?

૩૨) કેટલા ગ્રોસ ને કેટલા ડઝનનું ગુણોત્તર ૪૮ ?

૩૩) કેટલા આના ને કેટલી પાઇનું ગુણોત્તર ૧૨ ?

૩૪) કેટલા શિલિંગ ને કેટલા પેન્સનું ગુણોત્તર ૧૨) ?

૩૫) કેટલા રૂપીઆ ને કેટલા દોકડાનું ગુણોત્તર ૧૦૦ ?

૩૬) કેટલા પૌંડ ને કેટલા શિલિંગનું ગુણોત્તર ૨૦ ?

૩૭) કેટલા રૂપીઆ ને કેટલા આનાનું ગુણોત્તર ૧૬ ?

૩૮) કેટલા રૂપીઆ ને કેટલા પૈસાનું ગુણોત્તર ૬૪ ?

૩૯) કેટલા શિલિંગને કેટલા પૌંડનું ગુણોત્તર $\frac{૧}{૨૦}$?

૪૦) કેટલાં દોકડા ને કેટલા રૂપીઆનું ગુણોત્તર $\frac{૧}{૧૦૦}$?

પ્રકરણ ૩.

તમામ ગુણોત્તરમાં લાગુ પડતી રીતો.

૧) ભારે પરિમાણ ઉપરથી હલકા પરિમાણની કિંમત કાઢવાની રીત:—

ભારે પરિમાણની કિંમતને, હલકા પરિમાણ અને ભારે પરિમાણના ગુણોત્તરે ગુણવા. ગુણાકાર ભારે પરિમાણની કિંમતની જાતનો આવશે. જેમકે દા.૧) રૂ. ૨ાા એ તોલો તો ૪ વાલનું શું ?

ભારે પરિમાણની કિંમત રૂ.૨ાાને હલકા પરિમાણ ૪ વાલને ભારે પરિમાણ એક તોલાના ગુણોત્તર $\frac{૧}{૮}$થી ગુણ્યા તો રૂ.૨ાા×$\frac{૧}{૮}$=રૂ.૦)

અથવા* ⅛ રૂપીઆ=૨ આના, માટે ૨૫॥×૨=૫૧ આના=રૂ.૩)≈

દા.૨) રૂ. ૬૩) એ ગાલ્લી તો ૧૨ શેરનું શું ?

ભારે પરિમાણની કિંમત રૂ. ૬૩) હલકા પરિમાણ ૧૨ શેર ને ભારે પરિમાણ એક ગાલ્લીના ગુણોત્તર ૧/૧૦૦થી ગુણ્યા તો રૂ. ૬૩×૧/૧૦૦=૬૩ દોકડા=રૂ. ૦॥≈ ૦॥ દોકડો અથવા ૧/૧૦૦ રૂપીઆ=૧ દોકડો. માટે ૬૩×૧ =૬૩ દોકડા=રૂ. ૦॥≈ ૦॥ દોકડો

દા.૩) ૭॥ ખાંડીના રૂ. ૫૨॥ તો ૩૦ શેરનું શું ?

ભારે પરિમાણની કિંમત રૂ. ૫૨॥ને હલકા પરિમાણ ૩ શેર ને ભારે પરિમાણ ૭॥ ખાંડીના ગુણોત્તર ૧/૨૦૦થી ગુણ્યા તો રૂ. ૫૨॥×૧/૨૦૦=૨૬। દોકડા=રૂ. ૦। ૧। દોકડો અથવા ૧/૨૦૦ રૂપીઆ =૦॥ દોકડો, માટે ૫૨॥×૦॥=૨૬। દોકડા=રૂ. ૦। ૧। દોકડો.

૨) હલકા પરિમાણ ઉપરથી ભારે પરિમાણની કિંમત કાઢવાનીરીત:—

હલકા પરિમાણની કિંમતને ભારે પરિમાણ ને હલકા પરિમાણના ગુણોત્તરે ગુણવા, ગુણાકાર હલકા એકમની કિંમતની જાતનો આવશે. જેમકે દા. ૧) રૂ. ૦)=॥ નું ૧। શેર તો મણનું શું ?

હલકા પરિમાણની કિંમત રૂ.૦)=॥ને ભારે પરિમાણ મણ હલકા પરિમાણ ૧। શેરના ગુણોત્તર ૩૨એ ગુણ્યા તો રૂ. ૦)=॥ ×૩૨=૮૦ આના=૫ રૂપીઆ જવાબ.

---

* ગુણોત્તર એ સાદી સંખ્યા છે છતાં આ રીતમાં તેને વિશેષ (પરિમાણવાળી) સંખ્યા ગણી લેવામાં આવે છે. માટે પહેલી સંખ્યા જે વિશેષ સંખ્યા છે તેને સાદી સંખ્યા ગણી લેવી જોઇએ, કારણ સ્પષ્ટ છે. જેમકે ૫ રૂપીઆ×૨=૧૦ રૂપીઆ અથવા ૫ × ૨ રૂપીઆ=૧૦ રૂપીઆ.

દા. ૨) રૂ. ૦)≡નું શેર તો મણનું શું ?

હલકા પરિમાણની કિંમત રૂ. ૦)≡ને ભારે પરિમાણ મણ ને હલકા પરિમાણ શેરના ગુણોત્તર ૪૦ એ ગુણ્યા તો રૂ. ૦)≡×૪૦=૮૦ આના=રૂ. ૫≡ જવાબ.

દા. ૩) ૭ા શેરના ૬ આના તો ૩ ખાંડીનું શું ?

હલકા પરિમાણની કિંમત ૬ આનાને ભારે પરિમાણ ૩ ખાંડી અને હલકા પરિમાણ ૭ા શેરના ગુણોત્તર ૩૨૦એ ગુણ્યા તો ૬ આના×૩૨૦=૧૯૨૦ આના=૧૨૦ રૂપીઆ અથવા ૬×૩૨૦ આના =૬×૨૦ રૂપીઆ=૧૨૦ રૂપીઆ.

૩) કિંમત ઉપરથી વજન કાઢવાની રીતઃ—

જેટલું વજન આપ્યું હોય અને જેટલી કિંમતનું લેવું હોય તે બેનો ગુણાકાર કરવો પછી તે ગુણાકારને આપેલા ભાવે ભાગવાથી જવાબ આપેલા વજનની જાતનો આવશે જેમકેઃ—

૧) રૂ ૩ નું ૧ા મણ તો રૂ. ૧૨ નું કેટલું ?

૧ા×૧૨=૧૫. ૧૫÷૩=૫ મણ, જવાબ.

૨) રૂા. ૧૨ નું ૫ મણ તો રૂ. ૩ નું કેટલું ?

૫×૩=૧૫ ૧૫÷૧૨=૧ા મણ જવાબ.

૩) ૩ પૈસાનું ૭ શેર તો રૂ. ૩ નું કેટલું ?

૭×૩=૨૧. ૨૧÷$\frac{૩}{૬૪}$=૪૪૮ શેર=૧૧ મણ ૮ શેર

મનોયત્ન ૧૨.

૧) રૂ. ૩૭ા ગાલ્લી તો ૬ મણનું શું ?

૨) રૂ. ૧૧ા મહીનો તો ૫ દિવસનું શું આપવું ?

૩) ૩૦ રૂપીએ તોલો તો ૪ વાલનું શું ?

૪) રૂ. ૧૧૫) એ ભાર તો ૦। મણનું શું ?
૫) રૂ. ૧)-નું વાલ તો તોલાનું શું ?
૬) ૨॥ મણના રૂ. ૬। તો ૨ ખાંડીનું શું ?
૭) રૂ. ૩॥નું ૧। વસો તો ૧॥ વીંઘાનું શું ?
૮) ૫ મણના રૂ. ૬। તો ૨ ગાલ્લીનું શું ?
૯) રૂ. ૨૨॥ એ કુંડી તો ૭ નંગનું ?
૧૦) રૂ. ૪૫) મહીનો તો ૧૧ દિવસનું શું ?
૧૧) રૂ. ૩૭॥ તોલો તો ૬ વાલનું શું?
૧૨) રૂ. ૪૫) વર્ષે તો ૪ માસનું શું ?
૧૩) રૂ. ૨૫॥ ભાર તો ૫ મણનું શુ ?
૧૪) રૂ. ૩૧। ભાર તો ૩ ધડીનું શું આપવું ?
૧૫) ૧૫ મણના ૬ રૂપીઆ તો ૨ ખાંડીનું શું ?
૧૬) ૯ ડઝનના રૂ. ૨૦। તો ગ્રોસનું શું ?
૧૭) ૭ મહીનાના રૂ. ૧૭॥ તો વર્ષનું શું ?
૧૮) રૂ. ૨૮) એ ખાંડી તો રૂ. ૦।≈નું કેટલું
૧૯) રૂ. ૧।≈નું ૧૦ શેર તો રૂ. ૬॥≈નું કેટલું ?
૨૦) રૂ. ૭૫) એ ખાંડી તો રૂ. ૦)-॥નું કેટલું ?
૨૧) રૂ. ૦)૦॥નું ૫ શેર તો રૂ. ૦॥નું કેટલું ?
૨૨) રૂ. ૨૨॥ એ મહીનો તો રૂ. ૯)માં કેટલા દિવસ ?
૨૩) રૂ. ૦॥≈માં ૨૦ કેરી મળે તો રૂ. ૦॥- કેટલી આવે ?
૨૪) રૂ. ૬૦નું વર્ષ તો ૨॥ માસનું શું ?
૨૫) રૂ. ૪૧।નું ૯ મણ તો ૯ શેરનું શું ?

પ્રકરણ ૪.

માણીના મણ કેટલા ? ગ્રોસના ડઝન ? ડઝનનાં નંગ? વર્ષના મહીના ? વેંતના આંગળ ? ફુટના ઇંચ ? તોલાના માસા ? પૌંડ ટ્રોયના ઔંસ કેટલા ? જવાબ ૧૨.

૧૨ ગુણોત્તર આવે એવાં કોષ્ટકો.

માણી ને મણ; ડઝન ને નંગ; ગ્રોસ ને ડઝન; વર્ષ ને મહીનો વેંત ને આંગળ; ફુટ ને ઇંચ; તોલો ને માસો; પૌંડ ટ્રોય ને ઔંસ.

ત્યારે ઉપલા પરિમાણોનું ગુણોત્તર શું ? જ. ૧૨. એ પરિમાણોમાંથી ભારે પરિમાણો કહો. હલકાં કહો. હલકાં પરિમાણો ભારેના કેટલામા ભાગના છે ? જ. ૧૨મા ભાગના. ભારે હલકાથી કેટલા ગણા છે ? જ. ૧૨ ગણા. જો ભારે એકમ પરિમાણની કિંમત રૂ. ૧) પડે તો હલકા એકમની કિંમત ભારેના કેટલામા ભાગની પડે ? જ. ૧૨મા ભાગની. રૂપીઆનો ૧૨મો ભાગ શું ? જ. ૧૬ પાઇ રૂપીઆથી કેટલા ગણી પાઇ આવી ? જ ૧૬ ગણી. પણ જો ભારે એકમની કિંમત રૂ ૨) પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે ? જ. ૩૨ પાઇ. રૂપીઆથી કેટલા ગણી પાઇ આવી ? જ. ૧૬ ગણી. ભારે એકમના રૂપીઆથી કેટલા ગણી પાઇ આપવી પડે છે ? જ. ૧૬ ગણી. માટે

૧) ભારે એકમના રૂપીઆથી ૧૬ ગણી પાઈ હલકા એકમની કિંમત પડે.

ભારે એકમ પરિમાણની કિંમત ૧ આનો પડે તો હલકા એકમની શી કિંમત પડે ? જ. ૧ પાઇ. આનાથી કેટલા ગણી

પાઈ આવી ? જ. આના જેટલીજ. જો ભારે એકમની કિંમત ૨ આના પડે તો હલકા એકમની શી કિંમત પડે ? જ. ૨ પાઈ. આનાથી કેટલા ગણી પાઈ આવી ? જ. આના જેટલીજ. ભારે એકમના આનાથી કેટલા ગણી પાઈ આપવી પડે છે ? જ. આના જેટલીજ. માટે.

૨) ભારે એકમના આના જેટલીજ પાઈ હલકા એકમની કિંમત પડે.

ભારે એકમ પરિમાણની કિંમત ૧ પૌંડ પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે ? જ. પૌંડના ૧૨મા ભાગ જેટલી. પૌંડનો ૧૨મો ભાગ શું ? જ. ૨૦ પેન્સ. પૌંડ થી કેટલા ગણા પેન્સ પડે ? ૨૦ ગણા. માટે.

૩) ભારે એકમના પાંડથી ૨૦ ગણા પેન્સ હલકા એકમની કિંમત પડે.

ભારે એકમની કિંમત ૧ શિલિંગ પડે તો હલકા એકમની કિંમત કેટલી પડે ? જ. ૧ પેન્સ. શિલિંગથી કેટલા ગણા પેન્સ પડે ? જ. શિલિંગ જેટલાજ. ભારે એકમના શિલિંગથી કેટલા પેન્સ આપવા પડે ? જ. શિલિંગ જેટલાજ. માટે

૪) ભારે એકમના શિલિંગ જેટલાજ પેન્સ હલકા એકમની કિંમત પડે.

ભારે એકમ પરથી હલકા એકમની કિંમત:—

પહેલી રીત. ૧) રૂપીઆથી ૧૬ ગણી પાઈ. ૨) આના જેટલીજ પાઈ. ૩) પૌંડથી ૨૦ ગણા પેન્સ. ૪) શિલિંગ જેટલાજ પેન્સ.

૧ રૂપીઆનો ૧૬મો ભાગ શું? જ. એક આનો. બે રૂપીઆનો સોળમો ભાગ શું ? જ. બે આના. રૂ. ૩નો સોળમો ભાગ શું જ. ત્રણ આના. માણીનો ૧૬મો ભાગ શું ? જ. ૦ાા મણ. ગ્રોસનો ૧૬મો ભાગ શું ? જ. ૦ાા ડઝન. ડઝનનો ૧૬ મો ભાગ શું ? જ. ૦ાા નંગ. વર્ષનો ૧૬મો ભાગ શું ? જ. ૦ાા મહીનો વેંતનો ૧૬મો ભાગ શું ? જ. ૦ાા આંગળ ફુટનો ૧૬મો ભાગ શું ? જ. ૦ાા ઇંચ. તોલાનો ૧૬મો ભાગ શું ? જ. ૦ાા માસો. પૌંડટ્રાયનો ૧૬મો ભાગ શું ? જ. ૦ાા ઔંસ ટ્રાય. એક રૂપીએ માણી હોય તો એક આનાનું કેટલું આવે ? જવાબ ૦ાા મણ ત્યારે

એક રૂપીએ ગ્રોસ, ડઝન. વર્ષ, વેંત, ફુટ. તોલો, અને પૌંડ ટ્રાય હોય તો એક આનામાં કેટલું આવે ? જ. ૦ાા ડઝન, ૦ાા નંગ, ૦ાા મહીનો, ૦ાા આંગળ, ૦ાા ઇંચ, ૦ાા માસો અને ૦ાા ઔંસ ટ્રાય આવે.

આનાનો ૧૬મો ભાગ શું ? જ. ઉપઆનો. જો ઉપરનો ભાવ એક આનાનો હોય તો એક ઉપઆનામાં કેટલું આવે ? જ. દેશી. માટે

બીજી રીત—જેટલા રૂપીઆમાં ભારે પરિમાણ ૧ આવે તેટલાજ આનામાં હલકું પરિમાણ ૦ાા આવે.

સુચના:—જેમ રૂપીઆનો ૧૬મો ભાગ આના છે; તેમ આનાનો ૧૬મો ભાગ ઉપઆના છે. તેમજ પાઇનો ૧૬મો ભાગ ઉપપાઇ (કાચી પાઇ) છે; માટે રૂપીઆના ભાવમાં આના જવાબ આવતો હોય તો આનાના ભાવમાં ઉપઆના જવાબ આવે, તેમ રૂપીઆના ભાવમાં પાઇ જવાબ આવતો હોય તો આનામા ભાવમાં ઉપપાઈ જવાબ આવે.

હલકાથી, ભારે કેટલા ઘણા છે ? જ. ૧૨ ગણા.

હવે જો હલકા એકમની કિંમત ૧ રૂપીઓ, ૧ આનો, ૧ પૈસો, ૧ પાઇ, ૧ પૌંડ, ૧ શિલિંગ, ૧ પેન્સ, એક ફાર્ધિંગ પડે તો ભારે એકમવી કિંમત શું પડે ? જ. ૧૨ ગણી એટલે ૧૨ રૂ. ૧૨ આના=૦॥। રૂ. ૧૨ પૈસા=૩ આના, ૧૨ પાઇ=૧ આનો. ૧૨ પૌંડ, ૧૨ શિલિંગ, ૧૨ પેન્સ=૧ શિલિંગ, ૧૨ ફાર્ધિંગ=૩ પેન્સ પડે.

૧) હલકા એકમની કિંમત ૧ રૂ પડે તો ભારે એકમની શી ? ૧૨ રૂ.
૨) ,, ,, ,, ૧ આનો ,, ,, ,, ? ૦॥। રૂ.
૩) ,, ,, ,, ૧ પૈસો ,, ,, ,, ? ૩ આના.
૪) ,, ,, ,, ૧ પાઇ ,, ,, ,, ? ૧ આનો.
૫) ,, ,, ,, ૧ પૌંડ ,, ,, ,, ? ૧૨ પૌંડ
૬) ,, ,, ,, ૧ શિલિંગ ,, ,, ,, ?૧૨ શિલિં.
૭) ,, ,, ,, ૧ પેન્સ ,, ,, ,, ? ૧ શિલિં.
૮) ,, ,, ,, ૧ ફાર્ધિંગ ,, ,, ,, ? ૩ પેન્સ.

હલકા એકમ પરથી ભારે એકમની કિંમત:—

પહેલી રીત—૧) આનાથી પોણા રૂપીઆ ૨) પૈસાથી ૩ ગણા આના, ૩) પાઇ જેટલાજ આના, ૪) પેન્સ જેટલાજ શિલિંગ, ૫) ફાર્ધિંગથી ૩ ગણા પેન્સ.

૧ આનાનું ૦॥। મણ આવે તો ૧૬ આનાનું કેટલું આવે ? જ, ૧૨ મણ. ૧ આનાનું ૦॥। મણ તો ૧ રૂપીઆનું કેટલું ? જ. ૧૨. મણ ૧૨ મણ એટલે કેટલું ? જ, ૧ માણા,

૧ ઉપઆનાનું ૦॥ મણ આવે તો ૧૬ ઉપઆનાનું કેટલું? જ, ૧૨ મણ ૧ ઉપઆનાનું ૦॥ મણ આવે તો ૧ આનાનું કેટલું? જ, ૧૨ મણ અથવા માણી ત્યારે

એક આનામાં ૦॥ મણ, ૦॥ ડઝન ૦॥ નંગ, ૦॥ મહીનો, ૦॥ આંગળ, ૦॥ ઇંચ, ૦॥ માસો અને ૦॥ ઔંસ ટ્રોય આવે તો એક રૂપીઆમાં કેટલું આવે? જ. ૧ માણી, ૧ ગ્રોસ, ૧ ડઝન, ૧ વર્ષ, ૧ વંત, ૧ ફુટ, ૧ તોલો અને ૧ પૌંડ ટ્રોય આવે, માટે.

બીજીરીત—જેટલા આનામાં હલકું પરિમાણ ૦॥ આવે તેટલાજ રૂપીઆમાં ભારે પરિમાણ ૧ આવે.

૧૨ના ગુણોત્તરનાં લેખાંની કુંચીઓ.

૧ જેટલે રૂપીએ	માણી	તેથી	૧૬	ગણી	પાઇ મણ,
૨ જેટલે રૂપીએ	ડઝન	તેથી	૧૬	ગણી	પાઇ નંગ.
૩ જેટલે રૂપીએ	ગ્રોસ	તેથી	૧૬	ગણી	પાઇએ ડઝન.
૪ જેટલે રૂપીએ	વર્ષ	તેથી	૧૬	ગણી	પાઇએ મહીનો.
૫ જેટલે રૂપીએ	ફુટ	તેથી	૧૬	ગણી	પાઇએ ઇંચ.
૬ જેટલે રૂપીએ	તોલો	તેથી	૧૬	ગણી	પાઇએ માસો.
૭ જેટલે આને	માણી	તેટલીજ			પાઇએ મણ.
૮ જેટલે આને	ડઝન	તેટલીજ			પાઇએ ડઝન.
૯ જેટલે આને	ગ્રોસ	તેટલીજ			પાઇએ નંગ
